# આત્મધર્મ

માસિક : વર્ષ-૨ * અંક-૭ * માર્ચ, ૨૦૦૮



પૂજ્ય ગુરુદેવનાં વચનામૃતોના વિચારનો પ્રયોગ કરવો. રુચિ વધારતા જવી. ભેદજ્ઞાન માટે તીખી રુચિ જ કામ કરે છે. 'જ્ઞાયક', 'જ્ઞાયક', 'જ્ઞાયક'—એની જ રુચિ....

—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ શરીરસે પ્રીતિ કરના હૈ સો આત્માકી ઉન્નતિસે બાહર રહના હૈ, ક્યોંકિ જો કોઈ શરીરકે કામકે કરનેમેં જાગ રહા હૈ વહ ત્યાગનેયોગ્ય વ કરનેયોગ્યકે વિચારસે શૂન્ય મનવાલા હોતા હુઆ આત્માકે કાર્યમેં અપના વર્તન નહીં રખતા હૈ. ઈસલિયે અપને આત્માકે પ્રયોજનકો સિદ્ધ કરના ચાહતા હૈ ઉસકો સદા હી શરીરકા મોહ છોડ દેના ચાહિયે. અપની ઈચ્છાકો પૂર્ણ કરનેવાલા બુદ્ધિમાન પુરુષ અપને કામકે રોકનેવાલે કાર્યમેં ઉદ્યમ નહીં કરતા હૈં. ૧૦૧૯.

*(શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૭૨)*

❀ યદ્યપિ વિકલ્પ સહિત અવસ્થામેં શુભોપયોગિયોંકો ચિત્તકી સ્થિરતાકે લિયે ઔર વિષય કષાયરૂપ ખોટે ધ્યાનકે રોકનેકે લિયે જિનપ્રતિમા તથા નમોકારમંત્રકે અક્ષર ધ્યાવને યોગ્ય હૈં, તો ભી નિશ્ચયધ્યાનકે સમય શુદ્ધાત્મા હી ધ્યાવને યોગ્ય હૈ, અન્ય નહીં. ૧૦૨૦. *(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૨, ગાથા-૧૫૮)*

❀ જિસ પુરુષને કિસીકી પ્રીતિસે, ભ્રમસે અથવા કિસીકે ભયસે હિંસાકા સમર્થન કિયા કિ હિંસા કરના બુરા નહીં હૈ તો ઐસા સમજો કિ ઉસને અપની આત્મા તો ઉસી સમય નરકરૂપી સમુદ્રમેં ડાલ દિયા. ૧૦૨૧.

*(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૮, શ્લોક-૩૬)*

❀ કર્તાનો અને ભોક્તાનો યુક્તિના વશે ભેદ હો અથવા અભેદ હો, અથવા કર્તા અને ભોક્તા બંને હો; વસ્તુને જ અનુભવો. જેમ ચતુર પુરુષોએ દોરામાં પરોવેલી મણિઓની માળા ભેદી શકાતી નથી, તેમ આત્મામાં પરોવેલી ચૈતન્યરૂપ ચિંતામણિની માળા કદી કોઈથી ભેદી શકાતી નથી; એવી આ આત્મારૂપી માળા એક જ, અમને સમસ્તપણે પ્રકાશમાન હો. (અર્થાત્ નિત્યત્વ, અનિત્યત્વ આદિના વિકલ્પો છૂટી આત્માનો નિર્વિકલ્પ અનુભવ અમને હો.) ૧૦૨૨.

*(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૨૦૯)*

વર્ષ-૨
અંક-૭




સંવત
૨૦૬૪
MARCH
A.D. 2008

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# કારણશુદ્ધપર્યાય

## વિભાવદર્શનોપયોગના પ્રકારોનું વર્ણન

(શ્રી 'નિયમસાર' ગાથા : ૧૪ તથા તેની ટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન)

[.....ગતાંકથી ચાલુ (૧૦)]

અહા! ભગવાન કુંદકુંદાચાર્યદેવ આ શાસ્ત્ર 'નિજ ભાવના' અર્થે રચે છે...... એટલે શ્રોતાએ પણ નિજ ભાવના અર્થે આ શાસ્ત્ર શ્રવણ કરવા યોગ્ય છે. આ શાસ્ત્રના વક્તા અને શ્રોતા બંનેનું તાત્પર્ય 'નિજ ભાવના' કરવાનું છે. હે શ્રોતાઓ! આ શાસ્ત્રની ગાથાએ-ગાથાએ દર્શાવેલા શુદ્ધ નિજ તત્ત્વને જાણીને વારંવાર તેની ભાવના કરજો. એવી નિજાત્મ-ભાવનાથી અવશ્ય મોક્ષમાર્ગ અને તેના ફળની પ્રાપ્તિ થશે. ખરેખર, આચાર્યદેવે આ નિયમસાર દ્વારા આત્માર્થી જીવોને શુદ્ધરત્નત્રયરૂપી 'નિયમસાર'ની ભેટ આપી છે.

આચાર્યભગવાન છેલ્લે કહે છે કે આ 'નિયમસાર' શાસ્ત્ર મેં નિજ ભાવના અર્થે રચ્યું છે. પરમસ્વભાવી એવા શુદ્ધ નિજ આત્મતત્ત્વનો ઘણા ઘણા પ્રકારે મહિમા કરીને આચાર્યદેવે આ શાસ્ત્રમાં તેની ભાવનાની ધૂમ મચાવી છે. શુદ્ધાત્માની ભાવનાનું જેવું જોરદાર કથન આ શાસ્ત્રમાં છે તેવું જ અંતર્પરિણમન જેમના આત્મામાં વર્તી રહ્યું છે એવા વીતરાગી સંતોનું આ કથન છે.

શાસ્ત્રનું તાત્પર્ય 'નિજ ભાવના' છે એટલે છ દ્રવ્યોનું કે વિભાવપર્યાયોનું કથન આવે ત્યાં પણ તેને જાણીને ભાવના તો નિજ તત્ત્વની જ કરવાની છે. પરથી અને વિભાવોથી

ભિન્ન એવા નિજ તત્ત્વને જ પોતાની નિર્મળ પર્યાયોના કારણરૂપે એટલે કે કારણપરમાત્મારૂપે ભાવવો. તેની ભાવનાથી મોક્ષમાર્ગરૂપ કાર્ય થઈ જાય છે. આ સંબંધી ઘણું વિવેચન અગાઉ આવી ગયું છે.

જીવ ઉપયોગસ્વરૂપ છે. તે ઉપયોગની પર્યાયોના પ્રકાર વર્ણવીને આચાર્યદેવ જીવનું સ્વરૂપ ઓળખાવે છે. જ્ઞાનોપયોગના પ્રકારોનું વર્ણન પૂરું થઈ ગયું છે; દર્શનોપયોગની સ્વભાવપર્યાયોનું વર્ણન થઈ ગયું છે અને હવે ૧૪મી ગાથામાં તેની વિભાવપર્યાયો જણાવે છે. એ રીતે 'ઉપયોગ'ના બધા પ્રકારોનું વર્ણન પૂરું કરીને પછી 'પર્યાય'ના ભેદો કહેશે.

ચક્ષુ, અચક્ષુ, અવધિ—ત્રણ દર્શન વિભાવિક છે કહ્યાં;
નિરપેક્ષ, સ્વપરાપેક્ષ—એ બે ભેદ છે પર્યાયના.

કેવળ દર્શન તો સ્વભાવપર્યાય છે; ચક્ષુદર્શન, અચક્ષુદર્શન ને અવધિદર્શન એ ત્રણે વિભાવદર્શન છે. પર્યાયો બે પ્રકારની હોય છે—એક નિરપેક્ષ અને બીજી સ્વ-પરની અપેક્ષાવાળી.

ગાથા ૧૦ થી ૧૩ સુધી ઉપયોગના પ્રકારોનું જે વર્ણન કર્યું એ પણ પર્યાયો જ હતી, તેમાં જે સ્વભાવોપયોગ હતા તે તો નિરપેક્ષ પર્યાય હતી અને મતિજ્ઞાનાદિ જે વિભાવોપયોગ હતા તે સ્વ-પરઅપેક્ષિત પર્યાય હતી પરંતુ તેમાં તો જ્ઞાન, દર્શન અને શ્રદ્ધાની પર્યાયોની જ વાત હતી. હવે આખા દ્રવ્યની સ્વભાવપર્યાય અને વિભાવપર્યાય બતાવવા માટે આ ગાથાથી તેના ભણકારા શરૂ કર્યા છે. ૧૫મી ગાથામાં ટીકાકાર 'કારણશુદ્ધપર્યાય'ને ખુલ્લી કરશે.

દર્શનોપયોગ તો સામાન્ય પ્રતિભાસરૂપ છે. વિભાવજ્ઞાનની જેમ વિભાવદર્શનમાં 'સમ્યક્' અને 'મિથ્યા' એવા બે પ્રકારો નથી. વિભાવજ્ઞાનના તો (મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય તથા મિથ્યાજ્ઞાનના મતિ, શ્રુત અને વિભંગ એવા) સાતપ્રકાર હતા; જ્યારે વિભાવદર્શનમાં તો ત્રણ જ પ્રકાર છે : ચક્ષુ, અચક્ષુ અને અવધિ. ચક્ષુઇન્દ્રિયના વિષયને જાણતાં પહેલાં ચક્ષુદર્શન થાય છે, ચક્ષુ સિવાયની ઇન્દ્રિયોના કે મનના વિષયને જાણતાં પહેલાં અચક્ષુદર્શન થાય છે, અવધિજ્ઞાનના ઉપયોગ પહેલાં અવધિદર્શનોપયોગ થાય છે પરંતુ મનઃપર્યયજ્ઞાનની પહેલાં મનઃપર્યય નામનો કોઈ દર્શનોપયોગ હોતો નથી. આ રીતે વિભાવદર્શનોપયોગના ત્રણ પ્રકાર છે. સ્વભાવદર્શનોપયોગના 'કારણ' અને 'કાર્ય' એવા બે પ્રકારોનું વર્ણન પૂર્વે થઈ ગયું છે.

આ રીતે જીવના લક્ષણભૂત જ્ઞાન અને દર્શન ઉપયોગના સમસ્ત પ્રકારોનું વર્ણન કર્યું.

હવે, 'પર્યાય'ની વ્યાખ્યા તથા તેના બે પ્રકારો બતાવીને પછી ૧૫મી ગાથામાં જીવદ્રવ્યની પર્યાયોનું અદ્ભુત વર્ણન કરશે. (અત્યાર સુધી 'ઉપયોગગુણ'ની કારણ અને કાર્ય પર્યાયોનું વર્ણન હતું. હવે 'જીવદ્રવ્ય'ની પર્યાયોનું વર્ણન આવશે.)

પર્યાય એટલે શું? "परि समन्तात् भेदमेति गच्छतीति पर्यायः" અર્થાત્ જે સર્વ તરફથી ભેદને પામે તે પર્યાય છે.

પર્યાયના બે પ્રકારો—એક સ્વભાવપર્યાય અને બીજી વિભાવરૂપ અશુદ્ધપર્યાય.

તેમાં, સ્વભાવપર્યાય છએ દ્રવ્યને હોય છે; તે અર્થપર્યાયરૂપ છે, વાણી અને મનથી અગોચર છે, અતિ સૂક્ષ્મ છે, આગમપ્રમાણથી સ્વીકારવા યોગ્ય છે અને છ પ્રકારની વૃદ્ધિ–હાનિ સહિત છે.

અહીં જીવનો અધિકાર હોવાથી જીવના ગુણ-પર્યાયોનું વર્ણન મુખ્ય છે એટલે છ દ્રવ્યોના ગુણ-પર્યાયોનો વિસ્તાર અહીં નથી કર્યો. જીવ સિવાયના અન્ય પાંચ અજીવ દ્રવ્યોના ગુણ-પર્યાયોનું વર્ણન અજીવ અધિકારમાં કર્યું છે.

નર, નારક, તિર્યંચ કે દેવરૂપ વ્યંજનપર્યાયો તો જીવની અશુદ્ધ પર્યાયો છે. જોકે મતિજ્ઞાનાદિ અર્થપર્યાયો પણ જીવની અશુદ્ધ–વિભાવપર્યાયો છે, પરંતુ અહીં તે અર્થપર્યાયોને 'અશુદ્ધ પર્યાય' ન કહેતાં 'અશુદ્ધ ગુણો' કે 'વિભાવ ગુણો' કહ્યાં છે ને 'અશુદ્ધ પર્યાયો'માં તો વ્યંજનપર્યાયોને જ લીધી છે—એવી આ શાસ્ત્રની શૈલી છે.

જીવમાં વિભાવપર્યાયો હોવા છતાં તેમને એક બાજુ રાખીને (એટલે કે અભૂતાર્થ કરીને) ભાવના તો શુદ્ધ નિજ તત્ત્વની જ કરવાની છે. તેથી ટીકાકાર મુનિરાજ કહે છે કે પરભાવ હોવા છતાં....વિભાવપર્યાયો હોવા છતાં....અશુદ્ધતા હોવા છતાં...એ બધાથી રહિત એવા શુદ્ધ જીવતત્ત્વને જ હું સદા ભાવું છું કેમ કે તેની જ ભાવનાથી સકળ અર્થની (–મોક્ષની) સિદ્ધિ થાય છે. પર્યાયમાં અનેકવિધ વિભાવ હોવા છતાં તે સર્વેથી જે રહિત છે એવા શુદ્ધ નિજતત્ત્વને (અર્થાત્) મારા હૃદયમાં બિરાજમાન કારણ–પરમાત્માને હું ભાવું છું.

અહીં ધર્માત્માને સંબોધીને મુનિરાજ કહે છે કે હે ભવ્ય શાર્દૂલ! તારા હૃદયમાં તું જે કારણપરમાત્માને ભજી રહ્યો છે તેને જ ઉગ્રપણે ભજ. જેનાં ભજનથી સમ્યગ્દર્શનાદિ

'કાર્ય' થયું તે જ 'કારણ'માં લીન થઈને તેને જ તું ભજ! અમે પણ એને જ ભજીએ છીએ ને તું પણ શીઘ્રપણે તેને જ ભજ. એના ભજનથી મુક્તિ થશે.

ભજન કહો કે ભાવના; આ નિજ તત્ત્વની જ ભાવના કરવા જેવી છે.

અહા! જુઓ તો ખરા....આ ભાવના!! આવી આતમભાવના ભાવતાં જીવ કેવળજ્ઞાન પામે છે.

જુઓ! સંસારીજીવોને પર્યાયમાં પુણ્ય, પાપ વગેરે વિકાર છે; મતિજ્ઞાન વગેરે અધૂરી દશા છે; અને મનુષ્યત્વ વગેરે અશુદ્ધ આકૃતિ (—વિભાવવ્યંજનપર્યાય) છે—આ ત્રણે પ્રકારના પરભાવો છે અને સામે પરમ શુદ્ધ સ્વભાવી એવો 'કારણ આત્મા' પણ બિરાજી રહ્યો છે; તો હવે મુમુક્ષુ એવા ઉત્તમ પુરુષોએ શું કરવું? તે કહે છે : પર્યાયમાં પરભાવો હોવા છતાં ઉત્તમ પુરુષોના હૃદયકમળમાં તેની ભાવના નથી. ઉત્તમ પુરુષોના હૃદયમાં એટલે કે સાધક ધર્માત્માઓની દૃષ્ટિમાં તો સદાય શુદ્ધ એવો ભગવાન કારણઆત્મા જ શોભી રહ્યો છે. વિભાવ ઉપર જ્ઞાનીની દૃષ્ટિ નથી, તેની દૃષ્ટિ કારણસ્વભાવ ઉપર જ છે. તેની નિર્મળ પર્યાય અંતર્મુખ થઈને કારણસ્વભાવમાં ઘૂસી ગઈ છે એટલે તે ધર્મીના હૃદયમાં શુદ્ધકાર્યપરિણતિ શુદ્ધકારણપરમાત્માની સાથે નિજાનંદની કેલિ કરે છે.

જુઓ! આ ઉત્તમ પુરુષોનું હૃદય!! જેના હૃદયમાં વિભાવની ભાવના છે, જેની પરિણતિ વિભાવ સાથે કેલિ કરે છે, તે પુરુષ ઉત્તમ નથી. સંસારમાં ભલે તે ગમે તેવો મોટો ગણાતો હોય પણ ધર્મમાં તે ઉત્તમ નથી. ઉત્તમ ધર્માત્માના હૃદયમાં તો કારણપરમાત્મા જ શોભે છે, તેના હૃદયમાં વિભાવોનું સ્થાન નથી, વિભાવોની ભાવના નથી.

અજ્ઞાનીને પણ 'કારણ આત્મા' છે તો ખરો, પણ તેનું લક્ષ નથી. તેની પરિણતિ અંતર્મુખ થઈને તે 'કારણ'ની સાથે કેલિ નથી કરતી એટલે તેને તે શુદ્ધકારણ અનુસાર કાર્ય નથી થતું પણ પરને અનુસરીને વિકારી કાર્ય થાય છે.

જ્ઞાનીને જ તેનું (શુદ્ધ કારણનું) લક્ષ છે, તેથી કહ્યું કે ઉત્તમ પુરુષોના હૃદયકમળમાં 'કારણ આત્મા' શોભે છે. ખરેખર કારણ આત્માને ભજનારા ધર્માત્માઓ જ જગતમાં ઉત્તમ પુરુષો છે. તેઓ પોતાની પરિણતિને અંતરમાં વાળીને 'કારણસ્વભાવ'ને અનુસરતા થકા સમ્યગ્દર્શનાદિ ઉત્તમ કાર્યરૂપે પરિણમે છે.

મુનિરાજ કહે છે કે અમારા સંપૂર્ણ કાર્યની સિદ્ધિ માટે અમે આ કારણપરમાત્માને જ સદાય ભજીએ છીએ અને હે ભવ્ય શાર્દૂલ! તું પણ તેને જ ભજ. હે ભવ્યરૂપી શાર્દૂલ-

સિંહ! તારું પરાક્રમ તો જો! તું તારા પરાક્રમને સંભાળ! અંતરમાં કારણ-પરમાત્માની ભાવના કરવી તેમાં જ તારું પરમ પરાક્રમ છે, વિભાવોની ભાવનામાં વીર્યને અટકાવી દેવું એ તો દીનતા છે.

જેમ વનમાં વસનારો સિંહ નિર્ભયપણે પોતાની ક્રીડામાં મસ્ત રહે છે તેમ હે ભવ્યોતમ શાર્દૂલ! તું જગતથી ઉદાસીન–નિર્ભયપણે તારા કારણપરમાત્માની ભાવનામાં તત્પર રહે.

લડાઈમાં હજારો યોદ્ધાને ભલે જીતે પણ જો સ્વભાવની ભાવના વડે વિભાવોને ન જીત્યા ને પોતે વિભાવોને તાબે થઈ ગયો તો એને પરાક્રમ કહેતા નથી.

સ્વભાવના અવલંબનમાં રહીને સમસ્ત વિભાવોને જે જીતી લ્યે છે તે જ ખરો પરાક્રમી–વીર છે. માટે, હે પુરુષાર્થી ભવ્ય! અંતર્મુખ થઈને તારા કારણપરમાત્માને જ તું ભજ. તે તારાથી ભિન્ન નથી. તે તું જ છો. માટે તેને જ તું ઉગ્રપણે ભજ. તેના ભજનથી જ તને મોક્ષના પંથની અને મોક્ષની સિદ્ધિ થશે.

(ક્રમશ:)

ક્રમબદ્ધપર્યાયથી ખરેખર જેને અકર્તાપણું ખ્યાલમાં આવ્યું હોય તે એટલે કે જે કરવાપણાના દુઃખથી થાકેલો છે તેને ક્રમબદ્ધ ખ્યાલમાં આવતાં પરના કરવાપણાથી ખસીને આત્મા તરફ આવે છે. જે સમયે જે પર્યાય થવાની તે જ થાય છે, તીર્થંકરને પણ જે પર્યાય થવાની તે જ થાય છે, તેને આઘી-પાછી કરી શકે નહિ એમ ક્રમબદ્ધ ખ્યાલમાં જે કર્તાપણાની બુદ્ધિથી થાકેલો છે એ પરના કર્તાપણાના અભિમાનથી થાકીને આત્મા તરફ વળે છે તેને સમ્યગ્દર્શન થાય છે. સંસારથી ખરેખર થાકેલાને સમ્યગ્દર્શન થાય છે. એને એમ થાય છે કે મારે કાંઈ જોઈતું નથી એટલે હું કાંઈક કરું અને એનાથી મને બીજું કાંઈક મળે એવી સ્પૃહા નથી. ક્રમબદ્ધની દૃષ્ટિવાળાને દરેક દ્રવ્યની પર્યાય સ્વયં ક્રમબદ્ધ થાય છે એમ એને બેસી ગયું છે.

—પુરુષાર્થ પ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# શરીર, રાગ ને અલ્પજ્ઞતા
# તે આત્માનું સ્વરૂપ નથી

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૪૨)

આ પરમાત્મપ્રકાશ ચાલે છે. બીજા ભાગની ૧૦૧ ગાથામાં યોગીન્દુદેવ શું કહે છે તે જુઓ!

ભાવાર્થ :—ત્રણલોક અને ત્રણકાળવર્તી સમસ્ત દ્રવ્ય, ગુણ, પર્યાયોને એક જ સમયમાં જાણવામાં સમર્થ જે કેવળદર્શન કેવળજ્ઞાન છે તેને નિજ લક્ષણોથી જે કોઈ જાણે છે તે સિદ્ધપદ પામે છે.

આ આત્મા, ત્રણકાળ અને ત્રણલોકમાં વર્તનારા દ્રવ્ય, ગુણ, પર્યાયને એક જ સમયમાં જાણવા માટે સમર્થ છે—એવો આત્માનો કેવળદર્શન અને કેવળજ્ઞાન સ્વભાવ છે. આવા સામાન્ય દર્શન અને જ્ઞાન સ્વભાવ-લક્ષણ દ્વારા આત્માને જાણે છે તે જ સિદ્ધપદ પામે છે. પર્યાયમાં હીનતા અને શુભાશુભ રાગ છે તે તો પર્યાયદૃષ્ટિનો વિષય છે. વસ્તુનો સ્વભાવ જોતાં આત્મા કેવળજ્ઞાન અને કેવળદર્શન લક્ષણથી લક્ષિત થાય તેવો છે માટે, જ્ઞાન-દર્શનલક્ષણથી જે નિજ આત્માને જાણે છે તે જીવ સિદ્ધપદને પામે છે. કેમ કે પોતાને પર્યાયબુદ્ધિ નીકળી ગઈ તેથી બીજા જીવને પણ તે પર્યાયથી જોતો નથી, બધાને સ્વભાવદૃષ્ટિથી જ જુએ છે.

લોકો રાડો પાડે છે કે શું વર્તમાનમાં કર્મબંધનથી રહિત થઈ ગયો? વર્તમાનમાં આત્મા વિકાર રહિત થઈ ગયો?.......અરે ભાઈ! વિકાર અને કર્મબંધન તો એક સમય પૂરતા ભાવ છે અને કર્મનું નિમિત્ત છે. તેની રુચિ અને આશ્રય છોડીને સ્વભાવનો આશ્રય કરે છે, જ્ઞાન-દર્શનલક્ષણથી સ્વભાવને લક્ષિત કરે છે તેને આત્માનો અનુભવ અને શાંતિ થાય છે અને તે દ્વારા આત્માને મુક્તિની પ્રાપ્તિ થાય છે.

જે જ્ઞાની સારી રીતે આ નિજ લક્ષણોને જાણી લે છે તે દેહના ભેદથી જીવોમાં ભેદ માની શકતા નથી. 'સારી રીતે' એટલે અનુભવ કરીને પોતાને જાણી લે છે. શુદ્ધાત્માની અભિમુખ થઈને હું જ્ઞાન-દર્શનથી પૂર્ણ છું એમ અનુભવ કરીને જાણે તેણે આત્માને જાણ્યો કહેવાય. અનુભવ કરીને જાણે તેને જ 'જાણવું' થયું કહેવાય છે.

આ દેહ કેવી રીતે મળે છે?–કે શુદ્ધાત્મસ્વભાવની ભાવનાથી વિમુખ એવા વિષય-કષાયના આસ્વાદથી ઉત્પન્ન થયેલા જ્ઞાનાવરણાદિ કર્મના ઉદયથી જીવને જુદાં જુદાં દેહાદિ સંયોગોની પ્રાપ્તિ થાય છે પણ તે કાંઈ આત્માનું સ્વરૂપ નથી માટે, તેને ન જુઓ તો આત્મા એકલો જ્ઞાન–દર્શન–આનંદથી સંપન્ન છે. તેને જે અનુભવે છે તેને અલ્પકાળમાં મુક્તિની પ્રાપ્તિ થાય છે.

પોતાના જ્ઞાન અને દર્શન સ્વભાવ દ્વારા અનુભવને જાણે તેની વાત છે. ધારણામાં તો અનંતવાર લીધું પણ પરલક્ષી અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા કરવામાત્રથી આત્મા જણાયો કહેવાતો નથી. જ્ઞાન–દર્શનથી પૂર્ણ આત્મા શુદ્ધ છે એવો શુદ્ધપણે અનુભવ કરે ત્યારે તેને શુદ્ધાત્માનું ભાન થયું કહેવાય. જ્યાં સુધી હું જ્ઞાન–દર્શન લક્ષણથી લક્ષિત શુદ્ધ આત્મા જ એક અનુભવ કરવાલાયક છું એમ અંતરમુખ દૃષ્ટિ ન થાય ત્યાં સુધી એણે શુદ્ધાત્માને જાણ્યો કે માન્યો નથી.

દેહથી ઉત્પન્ન એવા વિષયસુખ–પુણ્ય-પાપ, કામ–ક્રોધ, દયા–દાનના આકુળતાના સ્વાદથી વિમુખ શુદ્ધાત્માની ભાવના એટલે એકાગ્રતા તેનાથી રહિત જે જીવ, તેણે કર્મોનું ઉપાર્જન કર્યું છે તેના ફળમાં દેહનો સંયોગ મળે છે. ગુલાંટ મારીને વાત કરી છે. જો આત્માને જ્ઞાન–દર્શનના લક્ષણથી લક્ષિત કરે અને પર્યાયમાં તેના આનંદનો અનુભવ કરતો હોય તેને નવા કર્મોનું બંધન ન થાય અને જૂના કર્મો છૂટી જાય છે. તેથી કહે છે કે દેહ અને કર્મનો સંયોગ શુદ્ધાત્માની ભાવનાથી વિમુખ એવા વિષય-કષાય આદિની રુચિથી પ્રાપ્ત થાય છે, આત્માની રુચિથી પ્રાપ્ત થયો નથી.

શુદ્ધાત્માની એકાગ્રતાથી રહિત અજ્ઞાનના કારણે ઉપાર્જન કરેલાં આઠ કર્મોના ઉદયને કારણે જ્ઞાનની હીનતા, દર્શનની હીનતા, વીર્યની હીનતા, વેદનીયથી અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ, નામકર્મથી શરીરની રચના વગેરે વિવિધતા દેખાય છે તેના ભેદથી જ્ઞાની, જીવોમાં ભેદ માનતા નથી. સમજાય છે કાંઈ!

આ તો પરમાત્મપ્રકાશ છે ને! પરમ સ્વરૂપ, આનંદ સ્વરૂપના લક્ષે તો બંધન થાય નહિ અને પૂર્વનું બંધન ટકે નહિ પણ એ પરમાનંદ સ્વરૂપનું લક્ષ ન કરીને તેનાથી વિમુખ એવા પુણ્ય–પાપનું લક્ષ કરીને, તેમાં એકાગ્ર થઈને, પરના લક્ષે થયેલા રાગ–દ્વેષ, પુણ્ય-પાપ વડે બંધાયેલા કર્મોના ફળમાં જીવને મળેલો સંયોગ–દેહના અનેક પ્રકાર, વાણીના ભેદો, કર્મના ભેદો, અલ્પ દર્શન–જ્ઞાન, અલ્પ વીર્ય, પુણ્ય–પાપના અનેક પ્રકારો....એ બધાં ભેદો જીવને પરની ભાવનાથી ઉત્પન્ન થયેલાં કર્મના ફળરૂપ ભેદો છે માટે, એ ભેદોથી જીવમાં ભેદો છે એવું જ્ઞાની કદાપિ માનતા નથી.

જ્યાં પોતાનો સ્વભાવ જ્ઞેય બનાવ્યો.....સ્વ-અભિમુખ પરિણામ કે સ્વજ્ઞેયની પરિપૂર્ણતાને પર્યાયમાં જ્ઞેય બનાવ્યું તે દશામાં આનંદનો અનુભવ થયા વગર રહે નહિ અને તેના દ્વારા નવું કર્મ બિલકુલ બંધાય નહિ. આહાહા!......પણ ભગવાન આત્માની ભાવનાથી રહિત-પૂર્ણ સ્વભાવની એકાગ્રતા રહિત પુણ્ય-પાપના ભાવમાં એકાગ્રતા સહિત ઉપાર્જેલા આઠ કર્મ અને તેના ફળમાં મળેલાં સંયોગથી આત્માને જુએ છે તે આત્માને બરાબર જોઈ શકતો નથી.

ભાઈ! આ તો અધ્યાત્મની અંતરની વાત છે. એ કાંઈ 'વાતે વડા થાય' તેવું નથી. તેલમાં તળીને વડા થાય ને! એ કાંઈ વાત કરતાં ન થઈ જાય. તેલ, લોટ, મસાલો વગેરે બધું જોઈએ તેમ, પહેલાં આ તત્ત્વ શ્રદ્ધા-જ્ઞાનમાં બેસવું જોઈએ. શ્રદ્ધા-જ્ઞાનમાં આત્માને લેવો એ જ તેનો અમલ છે. નિર્મળાનંદ પ્રભુ એક સમયની પર્યાય જેવડો નહિ, શુભાશુભ વિકાર-પર્યાયમાં છે છતાં તે હું નહિ, કર્મોનું બંધન હોવા છતાં તે મને નહિ અને જે વસ્તુ પર્યાયમાં છતી નથી છતાં પૂર્ણ વીર્ય વડે તેને પ્રસિદ્ધિમાં લેવું તેનું નામ શ્રદ્ધા-જ્ઞાનમાં આત્માને અમલમાં મૂક્યો કહેવાય.

આત્મા માટે ઘણા ઉપવાસ કરી નાંખે કે કપડાં કાઢીને દીક્ષા લઈ લે તેનાથી આત્મા પ્રાપ્ત થઈ જતો નથી. આત્મા તો ત્યારે પ્રાપ્ત થાય કે કર્મબંધનનું નિમિત્ત હોવા છતાં, શુભાશુભભાવની હયાતી હોવા છતાં, હું નિમિત્ત અને રાગથી અસંગ છું એવી કબૂલાત જે શ્રદ્ધામાં, જ્ઞાનમાં અને વીર્યમાં આવી તે શ્રદ્ધા-જ્ઞાનમાં અલ્પજ્ઞતા, રાગ અને નિમિત્તનો ત્યાગ થઈને આત્માનો અનુભવ થઈ જાય છે.

જ્ઞાનાવરણાદિ ચાર ઘાતિકર્મરૂપ નિમિત્તની હાજરીમાં જીવની પોતાની યોગ્યતાથી અલ્પદર્શન, અલ્પજ્ઞાન, અલ્પવીર્ય અને શુભાશુભ વિકારીભાવ હોય છે અને ચાર અઘાતિકર્મરૂપ નિમિત્તથી શાતા-અશાતા, ઊંચ-નીચ ગોત્ર, આયુષ્ય અને નામકર્મનો સંયોગ હોય છે છતાં જે દૃષ્ટિમાં તેનો નિષેધ થઈ ગયો કે અલ્પજ્ઞાન-દર્શન, સંયોગ આદિ હું નહિ.....હું એટલો નહિ, હું તો પૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ છું, તે દૃષ્ટિમાં કેટલો ત્યાગ આવી ગયો તેની ખબર પડે છે! દૃષ્ટિનો ત્યાગ કાંઈ નજરે પડે તેવો નથી. સૂક્ષ્મભાવ જ્ઞાનમાં પ્રત્યક્ષ થઈ શકે, કાંઈ જડ ઇન્દ્રિયથી જણાય તેવો નથી. જ્ઞાનનો સ્વભાવ પ્રત્યક્ષ જાણવાનો છે માટે, જ્ઞાનમાં પ્રત્યક્ષ કરે તો કર્મ અને અલ્પજ્ઞતા જેટલો હું નહિ, હું પૂર્ણ ચૈતન્યસ્વરૂપ છું એમ અનુભવ થાય.

| 'પોતાના ઉપાદાનની યોગ્યતા' અને | 'કર્મનું નિમિત્ત' |
| --- | --- |
| અલ્પજ્ઞાન-જ્ઞાનની હીનતા | જ્ઞાનાવરણીયકર્મ |
| દર્શનની હીનતા | દર્શનાવરણીયકર્મ |
| વિપરીતતા-મિથ્યાત્વ | મોહનીયકર્મ |
| વીર્યની હીનતા | અંતરાયકર્મ |
| શરીરાદિ સંયોગ, અનુકૂળતા-પ્રતિકૂળતા | ચાર અઘાતિકર્મ |

ઉપર કહેલું કાંઈ મારું નથી કેમ કે મારા આત્માના આનંદના સ્વાદથી વિપરીત વિભાવના સ્વાદથી ઉપજેલા કર્મ અને તેના ફળમાં આ બધો યોગ-સંયોગ બનેલો છે માટે જે જીવ સ્વભાવદૃષ્ટિ કરે છે તેને આ બધાની દૃષ્ટિ ઊડી જાય છે. તેથી, કર્મના સંયોગથી થયેલાં ભેદો વડે જીવમાં ભેદ જ્ઞાની કરતા નથી.

ધ્યાન રાખીને જુઓ કે જીવનું જીવપણું ખરેખર શેમાં છે? શરીર અને કર્મ તો અજીવ-તત્ત્વ છે, શુભાશુભભાવ આસ્રવતત્ત્વ છે અને અલ્પજ્ઞાનદર્શન છે તે વ્યવહારનયનો પર્યાયજીવ છે, દ્રવ્યજીવ તે નથી. સમજાય છે! ત્રણ પ્રકાર પાડ્યા (૧) શરીર, કર્મ, વાણી આદિ જડ છે માટે આત્માથી પર છે, (૨) આત્મામાં વિકાર થાય છે તે આસ્રવતત્ત્વ છે, આત્મતત્ત્વ નથી અને (૩) અલ્પજ્ઞાન, અલ્પદર્શન, અલ્પવીર્યની પ્રગટ અવસ્થા છે તે વ્યવહાર આત્મા છે, નિશ્ચય-આત્મા નથી. નિશ્ચય-આત્મા તો દ્રવ્યનો પોતાનો અખંડ પરિપૂર્ણ સ્વભાવ છે.

અહીં તો એ જ વાત લેવી છે કે પૂર્ણ જ્ઞાન-દર્શન લક્ષણે લક્ષિત છે તે આત્મા છે. એક સેકંડના અસંખ્યમાં ભાગરૂપ એક સમયમાં દ્રવ્ય તો પરિપૂર્ણ છે, તેનું પૂર્ણ લક્ષણે પૂર્ણ દ્રવ્યનું લક્ષ કર્યું, રાગરહિત સ્વભાવમાં એકત્વ થઈ, વીતરાગ સ્વસંવેદન દ્વારા આત્માને જાણ્યો તેને પોતાનો આત્મા જેમ પરથી ભિન્ન જણાય છે તેમ બધાં આત્માઓ પરથી ભિન્નપણે જણાય છે. નિગોદથી લઈને સિદ્ધ સુધીના દરેક જીવમાં પર્યાયથી ભેદ છે તેમ ભેદને જ્ઞાનમાં જાણે છે પણ મૂળ વસ્તુનો સ્વભાવ દરેકનો સમાન છે એમ જ્ઞાની જાણે છે.

સંવર-નિર્જરાની પર્યાય એક સમયની અવસ્થા છે, મોક્ષ પણ એક સમયની અવસ્થા છે, શુભાશુભભાવ એ આસ્રવ છે, શરીર, કર્મ એ જડતત્ત્વ છે. માટે એ જડ, આસ્રવ અને એક સમયની અવસ્થા વ્યવહારનયનો વર્તમાનનો વિષય છે તેને ગૌણ કરીને જ્યાં પૂર્ણ જ્ઞાન-દર્શન લક્ષણે લક્ષિત થયો કે હું તો પરિપૂર્ણ સ્વભાવ છું ત્યાં પર્યાયમાં

વેદન આવ્યું તે આત્મા સાથે અભેદ છે. એ રીતે બધાં આત્માને તેના સ્વભાવથી જુએ છે તેથી જ્ઞાનીને સમભાવ રહે છે, કોઈ પ્રત્યે વિરોધ કે કોઈ પ્રત્યે એકતા એવો વિષમભાવ રહેતો નથી. કોઈ મારો મિત્ર કે કોઈ મારો શત્રુ એવું તેની દૃષ્ટિમાં આવતું નથી. સિદ્ધો મારા મિત્ર અને માથું કાપનાર મારાં શત્રુ એવી દૃષ્ટિ રહેતી નથી, કેમ કે માથું જડ છે અને તેના કાપનારની ચેષ્ટા પણ શરીરની-જડની છે. માથું કાપનારનો ભાવ આસ્રવતત્ત્વ છે, તે કોઈ જીવતત્ત્વ નથી.

મારું સ્વરૂપ બહિરાત્મપણું નહિ, અંતરાત્મપણું નહિ પણ પરમાત્મપણું એ મારું સ્વરૂપ છે. મારા પૂર્ણ જ્ઞાન-દર્શન લક્ષણ વડે એ પરમાત્મપણું લક્ષમાં આવ્યું ત્યાં ભલે પર્યાયમાં અંતરાત્મપણું હોવા છતાં દૃષ્ટિમાં 'પરમાત્મા' છે. દૃષ્ટિનો વિષય દૃષ્ટિ નથી. દૃષ્ટિ સમ્યક્ થઈ તે પર્યાય છે પણ તેનો વિષય પર્યાય નથી. भूयत्थमस्सिदो खलु......તેનો અર્થ ચાલે છે, એ મહાસિદ્ધાંત છે. મારી પર્યાય અને બીજાની પર્યાય છે ખરી પણ તે દૃષ્ટિમાં લેવા લાયક નથી, તેનો આશ્રય કરવા લાયક નથી. માટે તેને અભૂતાર્થ કરીને, ગૌણ કરીને બધાં આત્માઓ એક સમાન મારા જેવા જ છે એમ જાણવું જોઈએ.

કોઈ નિંદા કરે કે કોઈ ચોપડામાં લખાણ કરે......તો એ નિંદાનો વિકલ્પ તો આસ્રવતત્ત્વ છે અને ચોપડાનું લખાણ અજીવતત્ત્વ છે. તેનો કર્તા જીવ કેમ હોય! વિકલ્પ એ જીવનું સ્વરૂપ ન હોઈ શકે. માટે આત્મા અજીવનો કે આસૃવનો કર્તા નથી. આત્મા તો જાણનાર-દેખનાર જ છે ભલે એને ખબર નથી કે હું જાણનારમાત્ર જ છું પણ એ જાણવા-દેખવા સિવાય કાંઈ કરતો નથી. માટે કોણ કોની નિંદા કરે! કોણ કોની પ્રસંશા કરે! કોણ કોને નીચો પાડે! એ તો અજીવ તથા આસ્રવભાવ છે, તેનો કર્તા જીવ નથી.

અંતરાત્મા, પરમાત્મા એ બધી દશા તો પર્યાયનયનો વિષય છે. આ તો આત્મા પૂર્ણ ગુણમય પૂર્ણ દ્રવ્ય એ નિશ્ચયનયનો વિષય છે. એ એને ભાસે ત્યારે તેની કિંમત થાય, ભાસ્યા વગર તો દ્રવ્યે પોતે પૂર્ણ હોવા છતાં પોતાને તેની કિંમત આવતી નથી. ભગવાન મોટો મહિમાવાળો જ્ઞાન-દર્શનથી ભરેલો છે.

જગતમાં છ દ્રવ્ય છે તે બધાં અતીન્દ્રિય છે. કોઈ દ્રવ્ય ઈન્દ્રિયગ્રાહ્ય નથી. પુદ્ગલ દ્રવ્ય પણ ઈન્દ્રિયો વડે જણાતું નથી. જે દેખાય છે એ તો પુદ્ગલસ્કંધ છે. પરમાણુ ઈન્દ્રિયગમ્ય નથી થતાં. હવે જ્યાં પોતાના જ્ઞાન-દર્શનમય આત્મા અતીન્દ્રિયજ્ઞાનમાં ગ્રાહ્ય થઈ જાય પછી એ જીવને કઈ વસ્તુમાં મારાપણું થાય! હું શરીરવાળો, હું રાગવાળો કે હું અલ્પજ્ઞ.....એવું એ ન માને. પોતાના શરીર, રાગ અને અલ્પજ્ઞતાને ગૌણ કરીને

દ્રવ્યસ્વભાવને મુખ્ય કર્યો તે જીવ બીજાનાં પણ શરીર, રાગ અને અલ્પજ્ઞપણાને ગૌણ કરીને તેને આત્માપણે જુએ છે. કોઈની નિંદા કે પ્રસંશાના શબ્દો સાંભળીને તેને હરખ કે શોક થતો નથી. કેમ કે શબ્દો તો જડ છે એમ એ જાણે છે.

દિગંબર મુનિઓ જંગલમાં પણ આત્માની મસ્તીમાં રહેતાં હતાં અને પરમાત્મા સાથે વાતો કરતાં હતાં. ભગવાન! તું પરિપૂર્ણ છો અને હું તને અપૂર્ણ અને આસ્રવવાળો માની શકું! તું પરિપૂર્ણ છો અને હું તને શરીરાદિ અજીવવાળો માની શકું! ચૈતન્ય તો અરૂપી આનંદકંદ અમૃતની શિલા જેવો છે. શરીર પ્રમાણે પણ શરીરથી ભિન્ન સહજાનંદ નિજાનંદ દળ પડ્યું છે તેને હું અપૂર્ણ કેમ માનું? આસ્રવવાળો અને શરીરવાળો કેમ માનું? મારી જેમ બીજા જીવોને પણ હું અપૂર્ણ, વિકારી અને શરીરવાળા કેમ માનું? જો એવા માનું તો તો તેમાં મારે સાતેય તત્ત્વની ભૂલ આવી ગણાય. વર્તમાનદશા પૂરતો જ આત્માને માનું તો આખો જ્ઞાયકભાવ તો રહી જાય છે. સંવર–નિર્જરા અને મોક્ષ ભલે નિર્મળપર્યાય હોય તોપણ એક સમયપૂરતી હોવાથી તેને ભિન્નતત્ત્વ ગણ્યું છે, અજીવ, આસ્રવ અને બંધ તો ભિન્ન તત્ત્વ છે જ, આમ આ બધાં બાદ થતાં એક 'જ્ઞાયક આત્મા' રહી જાય તે હું છું. આમ સાતતત્ત્વમાં એક ભૂતાર્થ ભગવાન આત્મા તે 'હું' છું એવી પહેલાં દૃષ્ટિ તો કર!

જડ આસ્રવ, જડ બંધ એ તો અજીવતત્ત્વમાં જાય છે અને સંવર, નિર્જરા, મોક્ષ એ નિર્મળપર્યાય જીવની છે પણ એક સમયપૂરતી છે તો હવે શું જ્ઞાયકભાવને એ પર્યાય જેવડો માનવો છે! ના. જ્ઞાયકભાવ તો ત્રિકાળ એકરૂપ દ્રવ્ય છે. આહાહા......! પંચમકાળના મુનિઓએ પણ માત્ર વાતો નથી કરી, એક એક વાત અલૌકિક છે એ સિદ્ધ કરીને બતાવ્યું છે. પંચમકાળમાં પણ આત્મા તો પરમાત્મસ્વરૂપ છે. આત્મા કોઈ પંચમ કે ચોથા કાળવાળો નથી, આત્મા કોઈ ક્ષેત્રવાળો નથી, આત્મા નારકી કે તિર્યંચ આદિ ગતિવાળો નથી, શરીરના રોગવાળો કે વૈભવવાળો પણ આત્મા નથી. રોગ અને વૈભવ બધું અજીવતત્ત્વમાં જાય છે.

અરે! સંવર, નિર્જરા અને મોક્ષપર્યાય પણ ખરેખર અભૂતાર્થ છે. કેવળદર્શન, કેવળજ્ઞાન આદિ પર્યાય પણ સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે, નિશ્ચયનો વિષય નથી, કેમ કે અંશ છે, ભેદ છે માટે વ્યવહારનો વિષય છે. અહીં તો પરિપૂર્ણ કેવળદર્શન–કેવળજ્ઞાન સામાન્ય લક્ષણથી સ્વભાવવાન અભેદ છે એમ દૃષ્ટિ થતાં વીતરાગ સ્વસંવેદનજ્ઞાની દેહાદિના ભેદથી આત્મામાં ભેદ માની શકતા નથી. બીજાને તો એમ લાગે કે શું પાપકર્મ કરનારાને અત્યારે પરમાત્મા માનવો? કષાયવાળા આત્માને પાપી ન માનવો? અરે ભાઈ!

એ આત્માનો સ્વભાવ ક્યાં પાપી થઈ ગયો છે! કષાયની પર્યાય તો એક સમયની છે, એવડો આત્મા નથી.

કોઈ એમ કહે છે કે આ લોકો એક વસ્તુમાં બીજી વસ્તુની અસર માનતા નથી, એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે છે એમ માનતાં નથી. એની વાતોથી આ આર્યક્ષેત્રનો નાશ થઈ જશે. આ લોકો આર્યતાનો નાશ કરનારા છે......અરે ભગવાન! તું વિચાર કર કે દરેક જીવ, દરેક પરમાણુ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ એ દરેક દ્રવ્ય દરેક સમયે વર્તમાન.....વર્તમાન......વર્તમાન વર્તી રહ્યાં છે. દરેક દ્રવ્યનો અનંત પર્યાયનો વર્તમાન ઉત્પાદ થઈ જ રહ્યો છે. બીજા સમયે બીજી પર્યાય, તેના પછી બીજી પર્યાય એમ વર્તમાનમાં પર્યાય થઈ રહી છે. દરેક દ્રવ્યમાં પોત પોતાના ગુણોની પર્યાય થઈ રહી છે ત્યાં આ દ્રવ્યને કારણે બીજા દ્રવ્યની પર્યાય થઈ એમ ક્યાં રહ્યું? એક દ્રવ્ય, બીજા દ્રવ્યની પર્યાયને કરતું નથી એટલે જ તો તેને નિમિત્ત કહેવાય છે. જો કરે તો તો નિમિત્ત ન કહેવાય. અનંત દ્રવ્યમાં પૂર્વ પર્યાયનો વ્યય અને નવો ઉત્પાદ થઈ રહ્યો છે. ત્યાં એકના કારણે બીજાનો ઉત્પાદ થાય એ વાત ક્યાં શક્ય છે! માટે એક દ્રવ્ય ઉપર બીજાની અસર કે પ્રભાવ થઈ શકતો નથી. માટે બાપુ શાંત થા! આ વાત તો આર્ય આત્માઓએ કરેલી વાત છે. તીર્થંકરો આર્ય હતા! મહાન આર્ય! એ આર્ય પુરુષોની વાતો, પોતે 'આર્ય' થયા વિના સમજાય તેવી નથી. યથાર્થ વસ્તુની દૃષ્ટિ વિના સમભાવ કોઈ રીતે ન થાય. યથાર્થ વસ્તુના સ્વભાવના ભાન અને વિવેક વિના સમભાવ સહજ થઈ શકે નહિ.

આપણે કાંઈ કરી શકતાં નથી માટે કરવું નથી.......એ તો હઠ છે, સમભાવ નથી. વિકલ્પ તો આવે પણ વિકલ્પમાં ક્યાં આત્મા આવી ગયો છે. વિકલ્પ ઉપર વજન નથી. એ તો જ્ઞેય છે સમજાણું! આ તો અંતરની રમતો છે. રાણા! રમતું મેલ, કટક આવ્યું કિનારે. પરની સાથે રમત ક્યાં સુધી રમવી છે! તારે તારું રાજ સંભાળવું છે કે નહિ! પુણ્ય-પાપની રમતો માંડીને આ સંસાર ઊભો કર્યો એ તારી રમત નથી ભાઈ! તું તો જ્ઞાન-દર્શન લક્ષણે લક્ષિત આત્મા છો માટે જ્ઞાન-દર્શન કરવા એ તારે રમવાની રમત છે. બાકી દુનિયા દુનિયાના ઘરે ભલે રહી. દુનિયા લાખ પ્રકારની કરોડો વાતો કરે તેથી શું!

અહીં કહે છે કે પૂર્વે કરેલાં કર્મોના ઉદય અનુસાર દેહના ભેદે જીવોમાં ભેદ દેખાય છે, એ દેહને જ પોતાપણે દેખતો નથી, ઘાતિકર્મના ઉદય અનુસાર પોતાના અશુદ્ધ ઉપાદાનથી પર્યાય હીણી પડે છે તેને પણ જે દેખતો નથી-ગણતો નથી, એક આત્માને જ જે દેખે છે તે બીજાને દેહથી કે સંયોગથી કે પર્યાયથી કેમ દેખે? દેહ જુદાં જુદાં મળ્યાં

તેથી શું! ગુણથી તો બધાં સમાન છે. ચિદ્રૂપ...ચિદ્રૂપ....ચિદ્રૂપ સ્વરૂપી આત્મા છે તે આત્માનું રૂપ શરીર, વાણી કે કર્મ વિકાર કેમ હોઈ શકે! ગુણથી અને જીવ-જાતિથી બધાં જીવ સમાન છે. એ જીવના ગુણની ખુમારીનો પાવર તો લાવ!

જે કોઈ બ્રહ્મ અદ્વૈતવાદી વેદાન્તી અનેક જીવ માનતાં નથી, એક જ જીવ જ માને છે તેની એ વાત અપ્રમાણ છે. તેના મતમાં એક જ જીવ માને છે તેમાં મોટો દોષ આવે છે. કેમ કે જો જીવ એક જ હોય તો એક જીવના જન્મ-મરણથી બધાં જીવોના જન્મ-મરણ એ જ સમયે થવા જોઈએ. સુખ-દુઃખ આદિ બધાંને સમાન થવા જોઈએ. પરંતુ એમ બનતું જોવામાં આવતું નથી. માટે વેદાંતી વસ્તુ એક જ માને છે તે વૃથા છે-એમ જાણવું.

અહીં તો જાતિ અપેક્ષાએ બધાંને એક કહ્યાં છે પણ સંખ્યા અપેક્ષાએ એક કહ્યાં નથી. વેદાંતી કહે છે તેમ સંખ્યાએ જીવ એક જ હોય તો એક જીવ જીવે તો બધાં જીવવા જોઈએ, એક મરે તો બધાં મરવા જોઈએ, એક દુઃખી થાય તો બધાં દુઃખી થવા જોઈએ અને એક સુખી થાય તો બધાં સુખી થવા જોઈએ. એક રોગી તો બધાં રોગી અને એક નીરોગી તો બધાં નીરોગી થવા જોઈએ પણ એમ તો છે નહિ. જન્મ-મરણ, સુખ-દુઃખાદિ બધાંના સમાન તો નથી માટે નક્કી થાય છે કે સંખ્યા અપેક્ષાએ જીવ એક નથી, અનેક છે. માટે એક માનવું વૃથા છે એમ જાણો.

હવે, ૧૦૨ ગાથામાં યોગીન્દુદેવ જ્ઞાન-દર્શન ઉપરાંત ચારિત્રલક્ષણને પણ સાથે લે છે. જે જીવને જ જાણે છે પણ તેના લક્ષણને જાણતાં નથી તે અભિપ્રાય મનમાં રાખીને વ્યાખ્યાન કરે છે.

देह-विभेयहँ जो कुणइ जीवईं भेउ विचित्तु।
सो णवि लक्खणु मुणइ तहँ दंसणु णाणु चरित्तु॥१०२॥

અર્થ :—જે શરીરોના ભેદથી જીવોના ભેદ કરે છે તે, જીવોના દર્શન-જ્ઞાન-ચારિત્ર લક્ષણને જાણતાં નથી અર્થાત્ તેને ગુણોની પરીક્ષા નથી.

પહેલાં આત્માનું જ્ઞાન લક્ષણ કહ્યું હતું. પછી દર્શન-જ્ઞાન બે લક્ષણ કહ્યાં. હવે અહીં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ લક્ષણ કહે છે. આત્મા અનેક ગુણ સંપન્ન છે માટે તેને અનેક લક્ષણવાળો કહી શકાય છે. જે દેહના ભેદથી જ જીવોમાં ભેદ દેખે છે તેને જીવના દર્શન-જ્ઞાન-ચારિત્ર લક્ષણનું ભાન નથી. ભગવાન આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્રથી અભેદ

છે. દેહથી કે વિકારથી અભેદ નથી. જેનાથી જીવ ભિન્ન છે એવા દેહ અને વિકારથી જ જીવને તું ઓળખે છો તો તને જીવના ખરા લક્ષણની ખબર જ નથી. આત્માનું લક્ષણ આત્માથી અભેદ છે.

યોગીન્દુદેવે અહીં સમભાવની ખુમારી ચડાવી છે.

અજ્ઞાનીને એમ લાગે છે કે 'આ કોઈએ પથ્થર ફેંક્યો'......અરે! પથ્થર અજીવ છે, તેનું ક્ષેત્રાંતર તેના ઉપાદાનથી થાય છે, તેને કોઈ જીવ કરી શકતો નથી. વીતરાગમાર્ગની વાત કોઈ અલૌકિક છે. આ જુઓ! હાથમાં આંગળી દબાવો એટલે ખાડો પડે છે એમ દેખાય છે પણ હાથના અને આંગળીના પરમાણુ જુદાં જુદાં છે. માટે એક પરમાણુની અવસ્થા પલટીને ખાડારૂપ કરવી તે બીજાં પરમાણુનું કાર્ય નથી. પહેલાં પરમાણુ પોતાની લાયકાતથી એવી નીચી અવસ્થાપણે પરિણમે છે. આંગળીથી હાથમાં ખાડો થયો એમ જોનાર તે પરમાણુની વર્તમાન પર્યાયનો ઉત્પાદ સ્વતંત્ર છે એમ જોતો નથી.

દુનિયાથી આ તો જુદી જાતની વાત છે. હાથથી પગ દાબીએ છીએ એમ બધાને લાગે છે પણ પગના અનંત પરમાણુ અને હાથના અનંત પરમાણુ અનંતપણે પૃથક્ પૃથક્ રહીને પોતાના ભાવને કરે છે કે એક થઈને પરિણમે છે! દરેક પરમાણુનું પરિણમન સ્વતંત્ર થાય છે એવી જ વસ્તુની મર્યાદા છે. અજબ-ગજબની વાત છે. કોઈ માને યા ન માને એ જીવની સ્વતંત્રતા છે. અનંત દ્રવ્ય અનંતપણે પૃથક્ રહીને, એક થયા વિના પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે પોતાથી પરિણમન કરે છે એમ જે નથી માનતો તે અનંત દ્રવ્યોને જુદાં જુદાં માનતો નથી, તેને આત્મામાં અનંત ગુણો છે એ પણ માન્યતામાં નહિ આવે.

આ તો ભારે વાત છે! કોઈ દિવસ સાંભળી ન હોય તેવી વાત છે. આહાહા......! ભગવાન! અનંત દ્રવ્યોને અનંતપણે રાખીશ કે નહિ! જીવ શરીર નહિ, જીવ પર્યાય જેવડો નહિ, જીવ વિકારી નહિ, જીવ પોતાના જીવપણાથી છે, અજીવથી નથી, અજીવનો નથી, અજીવમાં નથી.

એ જ રીતે પુદ્‌ગલ પણ સ્વતંત્ર છે. જીવ કરતાં અનંતગુણી સંખ્યામાં પુદ્‌ગલ છે તે દરેક પુદ્‌ગલ પરમાણુ પોતાથી છે, જીવથી નથી. વળી દરેકનું પરિણમન એક સાથે છે. કોઈનું પરિણમન પહેલાં અને કોઈનું પરિણમન પછી એવું નથી. જેટલાં અનંત દ્રવ્યો છે તે બધાંનું પરિણમન એક સમયમાં એક સાથે થઈ રહ્યું છે, તેનો કર્તા બીજું દ્રવ્ય નથી. સાત તત્ત્વમાં અજીવતત્ત્વ છે તેની શ્રદ્ધા ત્યારે જ થઈ કહેવાય કે જ્યારે અજીવ અનંતદ્રવ્યોને

અનંતપણે રાખીને તેની પર્યાય તેનાથી થાય છે એમ માને ત્યારે અજીવતત્ત્વની શ્રદ્ધા સાચી થઈ કહેવાય. જો એ અનંતમાં ખંડ કરી નાંખે-એકબીજાના આધારે માને તો એ જ્ઞાન યથાર્થ નથી અને જો જ્ઞાન સાચું નથી તો એ જ્ઞાનનો ધરનાર જીવતત્ત્વ છે તેની પણ સાચી શ્રદ્ધા નથી.

કોઈએ પ્રશ્ન કર્યો હતો કે આ ટેબલ જડ છે તેને સુતારે બનાવ્યું છે-એમાં ખોટું શું છે?-ભાઈ! ટેબલ તો અહીં રહી ગયું અને સુતાર તો ચાલ્યો ગયો. બે દ્રવ્ય જુદાં છે તો એકને બીજો શી રીતે કરે! તો કહે, અરે! પ્રત્યક્ષ દેખાય છે કે સુતારે ટેબલ બનાવ્યું. કીધું, ભાઈ! 'પ્રત્યક્ષ' જ્ઞાનમાં હોય કે જડમાં હોય! પ્રત્યક્ષ તો જ્ઞાનમાં હોય, જડમાં ન હોય. માટે અહીં રાગ વિનાનું પ્રત્યક્ષ જ્ઞાન થાય તો કોઈપણ સંયોગથી બીજા દ્રવ્યની પર્યાય થાય છે એવી દૃષ્ટિ ઊડી જાય છે. રાગ સંયોગીભાવ છે એ સંયોગીભાવ વિનાની દૃષ્ટિ થાય તો રાગ હોવા છતાં જ્ઞાન યથાર્થ થાય છે કે હું રાગથી જ્ઞાન કરતો નથી, જ્ઞાનની પર્યાય મારાથી થાય છે. જેને એમ લાગે છે કે સંયોગ મને રાગ કરાવે છે તેને સંયોગ અને સંયોગીભાવમાંથી દૃષ્ટિ છૂટી નથી તેથી તે સંયોગ અને સંયોગીભાવ-રાગથી પોતાને ભિન્ન જાણાતો નથી અને જે પોતાને સર્વ સંયોગથી ભિન્ન જાણતો નથી તે પરને પણ અન્ય પરદ્રવ્યથી ભિન્ન જાણી શકતો નથી.

જગતમાં સ્થૂળ સ્કંધો તો ઓછા છે, સૂક્ષ્મ સ્કંધો જ વધારે છે. હવે જેને સ્થૂળમાં બીજાંથી કાર્ય થતું દેખાય છે તેને સૂક્ષ્મમાં જે પરમાણુની આવ-જા થાય છે તે સ્વતંત્રપણે પરમાણુથી થાય છે તેની તો ખબર જ નથી. સ્થૂળ સ્કંધ હો કે સૂક્ષ્મ સ્કંધ હો દરેકમાં પરમાણુ પોતાની યોગ્યતાથી પરિણમે છે એવું જ્ઞાનમાં પ્રત્યક્ષ થઈ શકે છે, ઈન્દ્રિયથી પ્રત્યક્ષ થઈ શકતું નથી. 'પ્રત્યક્ષ' થાય તે જ્ઞાનની પર્યાય છે તેમાં આ દ્રવ્યને કારણે બીજાનું કાર્ય થાય છે એવું જણાતું નથી. અનંત દ્રવ્ય અનંતપણે ભિન્ન ભિન્ન રહીને પોતપોતાનું કાર્ય કરે છે-એમ જણાય છે.

આ ગુજરાતીમાં વાત આવી એટલે વિસ્તારથી ખુલાસો થયો, હિન્દીમાં શબ્દો ગોતવા પડે. માટે હિન્દી લોકોએ થોડું ગુજરાતી શીખીને આવવું. શું કહે છે જુઓ! પરનો આત્મા અને તારો આત્મા દર્શન-જ્ઞાન અને ચારિત્ર એટલે વીતરાગ લક્ષણથી લક્ષિત છે માટે વીતરાગી પર્યાયથી તે લક્ષમાં આવે તેમ છે તેના બદલે તું આત્માને બાહ્ય લક્ષણોથી જુએ છે તેથી તને બધાં આત્મા પરમાત્મા સમાન જણાતા નથી એ તારી દૃષ્ટિનો દોષ છે.

*(ક્રમશઃ)*

❊ ❊ ❊

## ✠ પંચ પરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર

હવે, અહીં (શ્રી 'મોક્ષમાર્ગપ્રકાશક'ના મંગલાચરણમાં) જેને નમસ્કાર કર્યા છે તેનું સ્વરૂપ ચિંતવન કરીએ છીએ કારણ કે સ્વરૂપ જાણ્યા વિના એ નથી સમજાતું કે હું કોને નમસ્કાર કરું છું? અને તે સિવાય ઉત્તમ ફળની પ્રાપ્તિ પણ ક્યાંથી થાય?.....

**✻ શ્રી અરિહંતપરમેષ્ઠીનું સ્વરૂપ :-**

⇛ જે ગૃહસ્થપણું છોડીને, મુનિધર્મ અંગીકાર કરી, નિજ સ્વભાવ-સાધન વડે ચાર ઘાતિકર્મોનો ક્ષય કરી અનંત ચતુષ્ટયરૂપે બિરાજમાન થયા છે,

⇛ ત્યાં અનંતજ્ઞાન વડે પોતાના અનંત ગુણ-પર્યાય સહિત જીવાદિ સમસ્ત દ્રવ્યોને યુગપત્ વિશેષપણાએ કરી પ્રત્યક્ષ જાણે છે,

⇛ અનંતદર્શન વડે તેને સામાન્યપણે અવલોકે છે,

⇛ અનંતવીર્ય વડે એવા ઉપર્યુક્ત સામર્થ્યને ધારે છે તથા

⇛ અનંતસુખ વડે નિરાકુલ પરમાનંદને અનુભવે છે.

⇛ વળી, જે સર્વથા સર્વ રાગ-દ્વેષાદિ વિકારભાવોથી રહિત થઈ શાંતરસરૂપ પરિણમ્યા છે,

⇛ ક્ષુધા-તૃષાદિ સમસ્ત દોષોથી મુક્ત થઈ દેવાધિદેવપણાને પ્રાપ્ત થયા છે,

⇛ આયુધ, અંબરાદિ વા અંગવિકારાદિ જે કામ-ક્રોધાદિ નિંદ્ય ભાવોનાં ચિહ્ન છે તેથી રહિત જેનું પરમૌદારિક શરીર થયું છે,

⇛ જેના વચન વડે લોકમાં ધર્મતીર્થ પ્રવર્તે છે, જે વડે અન્ય જીવોનું કલ્યાણ થાય છે,

⇛ અન્ય લૌકિક જીવોને પ્રભુત્વ માનવાના કારણરૂપ અનેક અતિશય તથા નાના પ્રકારના વૈભવનું જેને સંયુક્તપણું હોય છે તથા

⇛ જેને પોતાના હિતને અર્થે શ્રી ગણધર-ઈન્દ્રાદિ ઉત્તમ જીવો સેવન કરે છે

—એવા સર્વ પ્રકારે પૂજવાયોગ્ય શ્રી અરિહંતદેવને અમારા નમસ્કાર હો.

✻ પ્રથમ તો ગૃહસ્થપણું છોડીને મુનિધર્મ અંગીકાર કર્યો—એટલે ગૃહસ્થપણામાં રહીને કોઈને મુનિદશા કે કેવળજ્ઞાન થઈ જાય એમ બનતું નથી.

ગૃહસ્થપણામાં આત્માનું સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન હોવા છતાં અસ્થિરતાનો રાગ હતો તે રાગ છૂટતાં રાગનું નિમિત્ત છૂટી ગયું એટલે ગૃહસ્થપણું છૂટી ગયું અને ત્રણ કષાયના અભાવથી સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક વીતરાગી ચારિત્રરૂપ મુનિદશા આત્મામાં પ્રગટ કરી, ગૃહસ્થપણાના રાગનો અશુદ્ધોપયોગ છોડીને મુનિદશાને યોગ્ય શુદ્ધોપયોગ પ્રગટ કર્યો, ત્યાં બહારમાં પણ પરિગ્રહરહિત દિગંબરદશા થઈ છે.

મુનિદશામાં નિજ સ્વભાવ-સાધન વડે ચાર ઘાતિકર્મોનો ક્ષય કરી અનંત ચતુષ્ટય પ્રગટ કર્યો છે.

મુનિદશામાં પંચ મહાવ્રત, અઠ્ઠાવીસ મૂળગુણનો શુભરાગ હોય છે પણ તે રાગના સાધન વડે કે શરીરાદિકના સાધન વડે કેવળજ્ઞાન પામ્યા નથી. અંતરમાં નિજ સ્વભાવના સાધન વડે એટલે કે સ્વસ્વભાવના આશ્રયે શુદ્ધોપયોગરૂપ સાધન વડે ભગવાને કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટય પ્રગટ કર્યા છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતવીર્ય અને અનંતસુખ—એવા ચતુષ્ટય સહિત શ્રી અરિહંતભગવાન બિરાજમાન છે.

* શ્રી અરિહંતભગવાન પોતાના અવનંતજ્ઞાન વડે જીવાદિ સમસ્ત દ્રવ્યોને પોતપોતાના અનંત ગુણપર્યાયો સહિત એક સાથે (વિશેષપણાએ) પ્રત્યક્ષ જાણે છે.

દરેક દ્રવ્ય પોતપોતાના (અનંત) ગુણ-પર્યાયો સહિત છે. નિગોદનો જીવ પણ તેના પોતાના (અનંત) ગુણ-પર્યાયો સહિત છે, બીજાને કારણે તેના ગુણ-પર્યાયો નથી. કર્મના પરમાણુઓ તેના પોતાના ગુણ-પર્યાયો સહિત છે, તેના ગુણ-પર્યાયો આત્મામાં નથી. એ પ્રમાણે, સમસ્ત દ્રવ્યોને પોતપોતાના (અનંત) ગુણ-પર્યાયો સહિત એક સાથે ભગવાન પ્રત્યક્ષ જાણે છે તેમજ પોતાના આત્મદ્રવ્યને પણ પોતાના (અનંત) ગુણ-પર્યાયો સહિત (વિશેષપણાએ) પ્રત્યક્ષ જાણે છે.

શ્રી અરિહંતભગવાનને નમસ્કાર કરતા તેમના આવા કેવળજ્ઞાન-સામર્થ્યને ઓળખવું જોઈએ.

* અનંતદર્શન વડે શ્રી કેવળીભગવાન સમસ્ત પદાર્થોને સામાન્યપણે અવલોકે છે.

આવા કેવળજ્ઞાન અને કેવળદર્શન ભગવાનને એક સાથે જ વર્તે છે. એક સમયે કેવળજ્ઞાન બીજા સમયે કેવળદર્શન—એવો ક્રમ શ્રી અરિહંતભગવાનને હોતો નથી.

* શ્રી અરિહંતભગવાન આત્માના અનંતવીર્ય વડે કેવળજ્ઞાન અને કેવળદર્શનના ઉપર્યુક્ત સામર્થ્યને ધારે છે.

જુઓ! આ આત્મબળ!! 'પરમાં કાંઈ કરે' એવું આત્માનું સામર્થ્ય નથી પણ કેવળજ્ઞાન અને કેવળદર્શનને ધારણ કરે એવું આત્માનું બળ છે! ભગવાનને તે અનંત આત્મબળ પ્રગટી ગયું છે.

* શ્રી અરિહંતભગવાન અનંત સુખ વડે આત્માના નિરાકુલ પરમાનંદને અનુભવે છે. આત્માના સ્વભાવનો અતીન્દ્રિય આનંદ ભગવાનને પરિપૂર્ણ ખીલી ગયો છે.

* શ્રી અરિહંતભગવાન સર્વથા સર્વ રાગ-દ્વેષાદિ વિકારભાવોથી રહિત થઈ શાંતરસરૂપ પરિણમ્યા છે. આત્માના અસંખ્ય પ્રદેશે શાંતરસ પ્રગટી ગયો છે. ભગવાન શાંતરસમાં મગ્ન છે.

* ક્ષુધા–તૃષાદિ સમસ્ત દોષોથી મુક્ત થઈ ભગવાન દેવાધિદેવપણાને પ્રાપ્ત થયા છે. ભગવાનને ક્ષુધા, તૃષા, રોગ વગેરે હોતા નથી એટલે આહાર, પાણી કે ઔષધ પણ હોતાં નથી. સ્વર્ગના દેવોને હજારો વર્ષે આહારની ઈચ્છા ઊપજે ને શ્રી અરિહંતભગવાન રોજ આહાર કરે એમ માનનારે શ્રી અરિહંતભગવાનને ઓળખ્યા નથી; તેથી તેનું "ણમો અરિહંતાણં" પણ સાચું નથી. ભગવાનનો આત્મા પૂર્ણ અતીન્દ્રિયભાવે પરિણમી ગયો છે; ત્યાં દેહમાં ક્ષુધાદિ ઉત્પન્ન જ થતાં નથી ને ભગવાનને આહારાદિ હોતાં નથી. ક્ષુધા તો દોષ છે. ભગવાનને ક્ષુધા લાગે એમ માનનારે ભગવાનને દોષવાળા માન્યા છે.

* ભગવાનને અંતરમાં તો રાગ-દ્વેષાદિભાવોનો અભાવ થઈને વીતરાગતા થઈ ગઈ છે ને બહારમાં પણ આયુધ (શસ્ત્ર), અંબર (વસ્ત્ર) વગેરે હોતાં નથી. વસ્ત્રાદિનું ધારણ કરવું તે કામ (રાગ)નું ચિહ્ન છે ને શસ્ત્રાદિકનું ધારણ કરવું તે ક્રોધ (દ્વેષ)નું ચિહ્ન છે—એવાં નિંદ્ય ભાવોનાં ચિહ્ન ભગવાનને હોતાં નથી. ભગવાનનું શરીર પણ પરમૌદારિક શાંતરસરૂપ થઈ ગયું છે, મુદ્રા પરમશાંત થઈ ગઈ છે.

* વળી ભગવાનના વચન (દિવ્યધ્વનિ)વડે લોકમાં ધર્મતીર્થ પ્રવર્તે છે.

ભગવાનની દેશના છૂટે ને ધર્મ પામનારા જીવો ત્યાં ન હોય એમ બને નહિ. ભગવાનની દેશના ખાલી જાય નહિ. કોઈ એમ કહે કે 'ભગવાન મહાવીરની પહેલી દેશના ખાલી ગઈ—એવું અચ્છેરું થયું!' તો તેમ બને નહિ. જેમ સિદ્ધશિલા ઉપરથી હેઠે પડે એવું અચ્છેરું કદી બનતું નથી તેમ શ્રી તીર્થંકરભગવાનની દેશના ખાલી જાય એમ પણ કદી બનતું નથી. શ્રી અરિહંતભગવાન ધર્મતીર્થના પ્રવર્તક છે. ભગવાનની વાણી ઝીલીને અનેક જીવો પોતાનું કલ્યાણ સાધે છે.

* જે લોકોત્તર-ધર્માત્મા છે તેવા જીવો તો કેવળજ્ઞાનાદિ ગુણો વડે શ્રી અરિહંતભગવાનને ઓળખીને પૂજ્ય માને છે અને અન્ય લૌકિક જીવોને પ્રભુત્વ માનવાના કારણરૂપ અનેક અતિશય તથા નાના પ્રકારના વૈભવનું ભગવાનને સંયુક્તપણું હોય છે.

ભગવાન સાધારણ મનુષ્યની માફક જમીન ઉપર વિચરતા નથી પરંતુ તેમનો દેહ પાંચ હજાર ધનુષ ઊંચો આકાશમાં વિચરે છે અને આઠ ભૂમિકાવાળું દૈવી સમવસરણ હોય છે. તે સમવસરણમાં આવે ત્યાં આંધળાની આંખો ખૂલી જાય ને લંગડા ચાલતા થાય.

ભગવાનની ધર્મસભામાં વાઘ અને હરણ, સિંહ અને સસલું વગેરે જીવો એકસાથે બેસે છતાં તેમને વેર-ભાવ થતો નથી.

સમવસરણમાં ચાર બાજુ ચાર માનસ્તંભ હોય છે, તેને જોતાં જ માનીનું માન છૂટી જાય છે. આ રીતે, ભગવાનને સમવસરણાદિક બાહ્યવૈભવ પણ અલૌકિક હોય છે. લૌકિક જીવો તે વૈભવ વડે ભગવાનની પ્રભુતા માને છે.

ધર્માત્મા તો આત્માશ્રિત કેવળજ્ઞાનાદિ ગુણો વડે ભગવાનની પ્રભુતાને જાણે છે અને લૌકિકજનો દેહાશ્રિતગુણો વડે કે સંયોગના વૈભવ વડે ભગવાનનું મહાનપણું માને છે.

શ્રી સમંતભદ્રસ્વામી ભગવાનની સ્તુતિ કરતાં કહે છે કે હે નાથ! આ બહારના ઠાઠ વડે અમે આપનું પૂજ્યપણું નથી માનતા પણ અંતરમાં આપની સર્વજ્ઞતાને ઓળખીને અમે આપને પૂજ્ય માનીએ છીએ.

ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને યથાર્થ ઓળખે તો આત્માનું ભાન અને સમ્યગ્દર્શન થાય અને એ રીતે ભગવાનને ઓળખીને નમસ્કાર કરે તે સાચા નમસ્કાર છે.

* વળી શ્રી ગણધરદેવ, ઇન્દ્ર અને ચક્રવર્તી વગેરે ઉત્તમ જીવો પણ પોતાના હિતને અર્થે શ્રી અરિહંતભગવાનનું સેવન કરે છે. તનથી, મનથી, વચનથી સર્વપ્રકારે વિનયપૂર્વક ગણધરાદિક ઉત્તમ જીવો ભગવાનનું સેવન કરે છે. ઇન્દ્રો વગેરે જીવો સમ્યગ્દષ્ટિ છે, તેથી તેમને ઉત્તમ જીવો કહ્યા છે; એવા ઉત્તમ જીવો પણ શ્રી અરિહંતભગવાનને પોતાના હિતને અર્થે આદરપૂર્વક સેવે છે.

....એવા સર્વપ્રકારે પૂજવા યોગ્ય શ્રી અરિહંતદેવને અમારા નમસ્કાર હો.

આ રીતે, ભગવાનના કેવળજ્ઞાનાદિ ગુણો વડે તેમનું સ્વરૂપ ઓળખીને શ્રી અરિહંતભગવાનને પ્રથમ નમસ્કાર કર્યા. (ક્રમશઃ)

# જ્ઞાયકની ભાવના છોડીશ નહીં

અંતરમાં તારું લક્ષ અને ભાવના એમ રાખ કે ઊંડાણમાં જવા જેવું છે. કરવાનું ઊંડાણમાં (જ્ઞાયકમાં) છે પણ મારામાં હજી ઘણી અધૂરાશ છે એમ નક્કી કરીને ઊંડાણનું લક્ષ કરવાનો પ્રયત્ન કર. ઉપર ઉપરથી થાય તેને છોડી ન જ દેવું કારણ કે અમે તને અશુભમાં આવવાનું નથી કહેતા અને શુભમાં રોકાવાનું પણ નથી કહેતા. તને ત્રીજી ભૂમિકામાં જવાનું કહીએ છીએ, અમે ઊંચે-ઊંચે જવાનું કહીએ છીએ ત્યાં તું નીચે ક્યાં પડતો જાય છે ! એમ આચાર્યદેવ કહે છે. અમારો કહેવાનો આશય એ છે કે તું ત્રીજી–શુદ્ધ સ્વભાવની–ભૂમિકા પ્રગટ કર. શુભ તો વચ્ચે આવે છે પણ તે તારો સ્વભાવ નથી. શુભ અને અશુભ સરખી કોટિના છે એમ તું સમજ અને જે આત્માની ત્રીજી ભૂમિકા અમૃતકુંભ છે તેને ગ્રહણ કર. માટે, ઊંચે જવાનું કહીએ છીએ પણ તેથી તને ઉપર-ઉપરથી ભાવના આવે તે છોડી દેવાનું નથી કહેતા. જો ઊંડી ભાવના પ્રગટ કરી શુદ્ધસ્વભાવમાં જઈ શકાય તો તેને તું પ્રગટ કર પણ ન જઈ શકે તો તેને છોડીને અશુભમાં જવાનું કહેતાં નથી. ઉપર-ઉપરની ભાવના કાંઈ કામની નથી એમ કરીને છોડવાની નથી, પણ તું ઊંચી પરિણતિને પ્રગટ કર એમ કહેવાનો આશય છે.

ભગવાનના મંદિરે દર્શન કરવા માટે ટહેલ મારતાં ભગવાનનાં દ્વાર ન ખૂલે તો થાકીને પાછો નહિ આવતો, ભગવાનનાં દ્વાર ખૂલી જશે. તું ટહેલ મારવી છોડતો નહિ. તેમ ચૈતન્યમંદિરે તું ટહેલ માર કે હું ચૈતન્ય છું. પ્રથમ ઉપર-ઉપરથી તને સમજાય તે છોડતો નહિ. તને ચૈતન્ય ન ઓળખાય ત્યાં સુધી ત્યાં ટહેલ માર્યા જ કરજે, લક્ષ રાખજે કે મારે હજુ ઘણું આગળ જવાનું છે. તારો પુરુષાર્થ ઊપડતાં ચૈતન્યમંદિર ખૂલવાનો તને અવકાશ છે. દૂર જઈશ તો ઊલટો તું આઘો જઈશ. દૃષ્ટિ બરાબર રાખજે કે હજી મારે અંદર જવાનું છે. ઉપર-ઉપરની ભાવનાથી કાંઈ પ્રગટ નથી થતું પણ અંદરની ભાવના પ્રગટ કરવા માટે તું સમજજે કે આ ઉપર-ઉપરનું છે, હજી અંદરનું કરવાનું મારે બાકી છે એમ યથાર્થ સમજે તો આગળ જઈ શકાશે. જ્ઞાયક છું–જ્ઞાયક છું એમ ઉપર–ઉપરથી થાય તો પણ અંતરમાં જવું છે તે ભાવના તું છોડીશ નહિ, તે છોડવાનું નથી કહેતા. અંદરની ભાવના એવી હોય છે કે ભેદજ્ઞાન થાય અને અંતરને ભેદી નાંખે. ચૈતન્યમંદિરનાં બારણાં ખૂલીને ચૈતન્ય ભગવાન પ્રગટ થાય એ ભાવના જુદી જ આવે છે, પણ તું ઉપર ઉપરની ભાવના દૃઢ કરતો જજે—તો કોઈવાર તારો ઉગ્ર પુરુષાર્થ થશે તો અંદર જવાશે. દૃષ્ટિ શુદ્ધ ઉપર રાખજે.

—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી

## વૈરાગ્ય સમાચાર :—

સાવરકુંડલાનિવાસી (હાલ–કટક) સ્વ. જગજીવનદાસ કશનદાસ મહેતાના પુત્રવધુ અ.સૌ. વિજ્યાગૌરી વસંતરાય મહેતા (વર્ષ–૭૩) તા. ૧૭-૧-૦૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સાવરકુંડલાનિવાસી (હાલ–ઘાટકોપર) સ્વ. ગોપાળજી કશનદાસ મહેતાના ધર્મપત્ની શ્રી લાભકુંવરબહેન (વર્ષ--૮૦) તા. ૧૭-૧-૦૮ના રોજ ઘાટકોપર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

સુરેન્દ્રનગરનિવાસી જસુબેન નગીનદાસ શાહ (વર્ષ–૭૦) (–તે શ્રી તારાબેન નંદરબારવાળાના બેન) તા. ૨૭-૧-૦૮ના રોજ પંચકલ્યાણક પ્રતિષ્ઠાનો પૂરો લાભ લઈને તે જ દિવસે બે મંદિરોમાં દર્શન કરીને શ્રી સીમંધરસ્વામીના દર્શન કરવા જતાં પગથિયામાં જ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

વિંછીયાનિવાસી (હાલ–મલાડ) શ્રી જશવંતીબેન નગીનદાસ ડગલી (વર્ષ–૭૯) (–તે મલાડ-મુમુક્ષુમંડળના પ્રમુખશ્રીના ધર્મપત્ની) તા. ૧૩-૨-૦૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને તત્ત્વની રુચિ હતી, વારંવાર સોનગઢ આવીને લાભ લેતા હતા. તેઓને સાધર્મીઓ પ્રત્યે ઘણો જ વાત્સલ્યભાવ હતો.

વિંછીયાનિવાસી (હાલ–કોચીન) શ્રી ચંદુલાલ રતીલાલ ડગલી (વર્ષ–૮૨) (–તે શ્રી કુંવરજીભાઈ પાલેજવાળાના જમાઈ) તા. ૬-૧૨-૦૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

ગોરડાનિવાસી (હાલ–બોટાદ) શ્રી પાર્વતીબેન મનસુખલાલ શાહ (–તે બ્ર. શ્રી વજુભાઈના મોટાબેન) તા. ૧૫-૧-૦૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ૨૦ વર્ષ સુધી સોનગઢ રહીને લાભ લીધો હતો.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

**સ્વજનના મરણ પ્રસંગે અફસોસ કરવાનો કાળ નથી.....વૈરાગ્ય વધારો....પુરુષાર્થ વધારો.**

—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી

**રૂા. ૧૧,૦૦૦/- શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, સુરેન્દ્રનગર તરફથી આ અંકના પ્રકાશનાર્થે મળેલ છે.**

**રૂા. ૧૦,૦૦૦/- શ્રી રમેશભાઈ એમ. શાહ તથા જ્યોતિ આર. શાહ, કિંગસ્ટન, U.S.A. તરફથી આ અંકના પ્રકાશનાર્થે મળેલ છે.**

विद्यार्थीओ माटे सोनगढमां ग्रीष्मकालीन

## * धार्मिक शिक्षणवर्ग *

ગ્રીષ્મકાલીન શિક્ષણવર્ગ ઉનાળુ વેકેશન દરમ્યાન તા. ૩-૫-૨૦૦૮ શનિવારથી થી તા. ૨૩-૫-૨૦૦૮ શુક્રવાર સુધી સોનગઢમાં રાખવામાં આવેલ છે. આ એકવીસ દિવસીય શિક્ષણવર્ગમાં ઉત્તમ તેમજ મધ્યમ એમ બે કક્ષા રાખવામાં આવશે.

મુમુક્ષુમંડળનાં બાળકો તેમજ યુવાનોને અધ્યાત્મપ્રધાન ધાર્મિક સંસ્કાર પ્રાપ્ત થાય તે હેતુથી આપના મુમુક્ષુમંડળના બાળકો તેમજ યુવાનોને આ ધાર્મિક શિક્ષણવર્ગમાં અવશ્ય મોકલવા સર્વ મુમુક્ષુ મંડળોને અનુરોધ છે.

સૂચના— (૧) વિદ્યાર્થીઓ માટે આવાસ તથા ભોજનની વ્યવસ્થા નિઃશુલ્ક રહેશે.
(૨) વિદ્યાર્થીઓ પોતાના આગમનની આગોતરી સુચના ટપાલ દ્વારા મોકલાવે.

*પ્રબંધક- શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ*
*સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)*

### આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી

## ફોર્મ નં. ૪, નિયમ નં. ૮

| | | |
|---|---|---|
| સમાચાર પત્રનું નામ | : | આત્મધર્મ |
| પ્રકાશન તારીખ | : | દરેક માસની પંદરમી તારીખ |
| પ્રકાશક અને મુદ્રકનું નામ | : | ચિમનલાલ ઠાકરશી મોદી, મુ. સોનગઢ, જિ. ભાવનગર |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| પ્રકાશન સ્થાન | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ, તા. શિહોર, જિ ભાવનગર |
| માલિક | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪૨૫૦ |
| તંત્રી | : | હીરાલાલ ભીખાલાલ શાહ, સોનગઢ |
| મુદ્રણસ્થાન | : | કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ |

હું હસમુખલાલ પોપટલાલ વોરા આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વિગત મારી જાણ સમજ મુજબ સાચી છે.

નિવેદક :—હસમુખલાલ પોપટલાલ વોરા
અધ્યક્ષ : શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

તા. ૧-૩-૨૦૦૮

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાત: ૬-૧૦ થી ૬-૩૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાત: | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | પરમાગમ શ્રી પ્રવચનસાર ઉપર શાસ્ત્ર-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૩૦ થી ૮-૩૦ | : | શ્રી પુરુષાર્થસિદ્ધ્યુપાય ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

**માનસ્તંભ-પ્રતિષ્ઠા દિન :—**તા. ૧૫-૪-૨૦૦૮, મંગળવારના રોજ સુવર્ણપુરીના શ્રી સીમંધર માનસ્તંભનો પ૬મો વાર્ષિક પ્રતિષ્ઠાદિવસ પૂજા-ભક્તિના વિશેષ આયોજન પૂર્વક ઉજવવામાં આવશે.

**મહાવીર જયંતી કહાનગુરુ સંપ્રદાય પરિવર્તન દિવસ :—**તા. ૧૮-૪-૨૦૦૮, ચૈત્રસુદ ૧૩, શુક્રવારના રોજ ભગવાન શ્રી મહાવીરસ્વામીના જન્મકલ્યાણકનો તેમજ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સદ્ધર્મપ્રકાશનના હેતુરૂપ સંપ્રદાય-પરિવર્તનનો વાર્ષિક દિવસ પૂજા-ભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવશે.

### * રાજાજીનગર બેંગલોરમાં જિનમંદિરનો દશાબ્દિ મહોત્સવ સાનંદ સંપન્ન *

શ્રી પંચબાલયતિ દિગંબર જિનમંદિર, રાજાજીનગર બેંગલોરમાં જિનમંદિર દશાબ્દિ મહોત્સવ પ્રસંગે નૂતન જિનાલય પરમાગમમંદિરનું ઉદ્‌ઘાટન અને તીર્થક્ષેત્રના ચિત્રપટોની અનાવરણ વિધિનો પ્રસંગ સાનંદ સંપન્ન થયેલ. આ પ્રસંગે તા. ૧૭-૨-૦૮થી તા. ૧૯-૨-૦૮ સુધી તીર્થમંડલ વિધાનપૂજાનું આયોજન કરવામાં આવેલ હતું. શિક્ષણ શિબિર અને સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. છેલ્લે દિવસે જિનેન્દ્ર ભગવાનની ભવ્ય રથયાત્રા બેંગલોરના રાજાજીનગરમાં કાઢવામાં આવી હતી. જેમાં લગભગ ત્રણસો જેટલા મુમુક્ષુ સામેલ થયા હતા. આ પ્રસંગે અમેરિકા, લંડન, નાઈરોબી, મદ્રાસ, હૈદરાબાદ, મુંબઈ અને સૌરાષ્ટ્ર-ગુજરાતના મુમુક્ષુઓએ ખાસ હાજરી આપી હતી. પરમાગમ મંદિરના ઉદ્‌ઘાટનનો લાભ ડૉ. કાંતિલાલ અમીચંદ કામદાર પરિવાર, ચેન્નાઈ, શારદાબેન શાંતિલાલ શાહ અને અનંતભાઈ શેઠ પરિવાર મુંબઈ તેમજ હસમુખભાઈ શાહ પરિવાર, અમેરિકાને પ્રાપ્ત થયો હતો. કુંદકુંદાચાર્યની વિચરણભૂમિ દક્ષિણ પ્રદેશમાં સૌ પ્રથમ કુંદકુંદાચાર્યની મૂળ પ્રાકૃત ગાથા અને અમૃતચંદ્રાચાર્યની સંસ્કૃત ટીકાવાળું સોનગઢ જેવું પરમાગમમંદિર જોઈને સૌએ હર્ષ અનુભવ્યો હતો.

અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં

*પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૧૯મો*

# મંગલ-જન્મજયંતી-મહોત્સવ

અત્યંત હર્ષોલ્લાસ સહ નિવેદન કે આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ'શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૧૯મો વાર્ષિક મંગલ જન્મોત્સવ અધ્યાત્મ-સાધનાતીર્થ સોનગઢ (સુવર્ણપુરી)માં શ્રી મનહરલાલ ધીરજલાલ શાહ પરિવાર, સુરત દ્વારા અતિ આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે!

તદ્નુસાર પૂજ્ય ગુરુદેવશ્રીનો આગામી ૧૧૯મો જન્મ-જયંતી (વૈશાખ સુદ-૨)નો મંગળ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૩-૫-૨૦૦૮ શનિવારથી તા. ૭-૫-૨૦૦૮ બુધવાર—પાંચ દિવસ સુધી 'શ્રી તીર્થમંડળ વિધાન પૂજા,' પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક સી.ડી. પ્રવચન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચા, સમાગત ગુરુભક્ત વિદ્વાનોનાં શાસ્ત્ર પ્રવચન, ધાર્મિક શિક્ષણવર્ગ, તા. ૩-૪-૫ ત્રણ દિવસ ધાર્મિક શિક્ષણ-શિબિર, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની દિ૦ જૈન ભજનમંડળી દ્વારા દેવ-ગુરુભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઉજવવવામાં આવશે.

ગુરુભક્તિના આ અનુપમ અવસરનો લાભ લેવા માટે ગુરુભક્ત સર્વે મુમુક્ષુઓને સોનગઢ પધારવા માટે અમારા તરફથી ભાવભીનું નિમંત્રણ છે. આવાસ તથા ભોજન વ્યવસ્થા નિ:શુલ્ક રાખવામાં આવેલ છે.

[આ મહોત્સવની નિમંત્રણપત્રિકાની લેખનવિધિ સોનગઢમાં સમ્યક્ત્વ જયંતી પ્રસંગે તા. ૩૦-૩-૨૦૦૮ રવિવારના રોજ રાખેલ છે.]

*નિમંત્રક*

*શ્રી મનહરલાલ ધીરજલાલ શાહ પરિવાર,*
*હ. દિનેશભાઈ, શિરિષભાઈ, સુરત*

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ સમયસાર ગાથા ૧૩મા નવ તત્ત્વરૂપ પર્યાયોમાં અન્વયપણે રહેલું ભૂતાર્થ એકરૂપ સામાન્યધ્રુવ તે સમ્યગ્દર્શનનો વિષય છે એમ કહ્યું છે. પંચાધ્યાયી (અધ્યાય-૫૫)મા પણ કહ્યું છે કે ભેદરૂપ નવ તત્ત્વમાં સામાન્યરૂપે રહેલો એટલે કે ધ્રુવરૂપે રહેલો શુદ્ધજીવ ભૂતાર્થસ્વરૂપ છે. આ રીતે, ભેદરૂપ નવ તત્ત્વોથી ભિન્ન શુદ્ધજીવને બતાવી તેને સમ્યગ્દર્શનનો વિષય એટલે કે ધ્યેયરૂપ બતાવેલ છે. ૪૩૬.

❀ એક સમયની રાગની પર્યાય પાછળ અદ્વિતીય અતીન્દ્રિય સુખસ્વરૂપ પ્રભુ બિરાજે છે, તેના બદલે જ્યાં તારી ચીજ નથી ત્યાં તેં મતિ જોડી દીધી છે. સ્ત્રી, પુત્ર, પૈસા, મકાન, શરીરાદિમાં તેં તારી મતિ જોડી દીધી છે પણ તે ક્ષેત્ર તો ભિન્ન છે. પાંચ-પચાસ વર્ષે તો તે ક્ષેત્ર છૂટી જશે. એકવાર તું અતીન્દ્રિય આનંદ સ્વરૂપ પરમબ્રહ્મ ભગવાનમાં મતિ લગાવ, તને આનંદની તૃપ્તિ થશે. તું અમૃતરસથી તૃપ્ત તૃપ્ત ભર્યો પડ્યો છે. ૪૩૭.

❀ જીવને જે સમયે જે પર્યાય થવાની હોય તે જ થાય અને જે પર્યાય થાય તેનો તે ઉત્પત્તિનો કાળ છે, તે જન્મક્ષણ છે, તે કાળલબ્ધિ છે. જે પર્યાય થાય તેને વ્યયની અપેક્ષા નથી, નિમિત્તની અપેક્ષા નથી ને દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી; પર્યાયના ષટ્‌કારકો વડે તે પર્યાય સ્વતંત્ર ઉત્પન્ન થાય છે. તેથી, તારી જે સમયે જે પર્યાય થાય, બાપુ ! તેનો તું કર્તા કેમ થાય છે ? એક પછી એક ક્રમે અને નિશ્ચયથી જે પર્યાય થવાની હોય તે જ થાય, બીજે સમયે જે પર્યાય થવાની હોય તે જ થાય, એમ અનાદિ અનંત ક્રમસર નિશ્ચિતપણે પર્યાયો થાય છે. ૪૩૮.

❀ શ્રદ્ધા-જ્ઞાનમાં હા તો પાડ કે આ જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય તે જ હું છું. જેની રુચિ આત્મામાં જામી છે, જ્ઞાનસ્વરૂપ જ છું તેમ રુચિમાં બેઠું છે, તે કામ કરીને આગળ વધી જશે અને જેને આ પરમ સત્ય નહિ બેસે તે પાછળ પડ્યા રહેશે. આત્મા સમજવા માટે તો એને રાગની કેટલીક મંદતા હોવી જોઈએ. રાગની તીવ્રતામાં તો આત્મા સમજવામાં આવતો નથી, એથી રાગની મંદતાને વ્યવહાર કહેવામાં આવે છે. ૪૩૯.

❀

આત્મધર્મ
માર્ચ-૨૦૦૮
અંક-૭ * વર્ષ-૨

Registered Regn. No. BVR-367/2006-2008
Renewed upto 31-12-2008
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

# 卐 તું જેવો છો તેવો થા 卐

ભગવાન! તું આનંદ સ્વરુપ છો. રાગ ને વાણી આદિ જડને અડવા જેવું નથી, એનાથી આભડછેટ લાગે છે. તું ભગવાન સ્વરૂપ જ છો ને તારે ભગવાન થવું પડશે. ભાઈ! ઘોર સંસારનું કારણ એવી પ્રશસ્ત ને અપ્રશસ્ત વચનરચના અને કનક–કામીનીના મોહથી આભડછેટ લાગે છે એને છોડીને અને પશુ સમાન અજ્ઞાની જીવકૃત લૌકિક ભયને છોડીને તું જેવો છો એવો થા! તું જેવો નથી તેને છોડી દે! તું જ્ઞાનાનંદ સ્વરૂપ પરમાત્મા છે એની શ્રદ્ધા કરીને એવો થા! ઘોર સંસારના કારણભૂત રાગાદિરૂપે તું નથી એને છોડી દે! આહાહા! દિગમ્બર સંતોએ મોક્ષને હથેળીમાં બતાવ્યો છે. પ્રભુ! તું મુક્તસ્વરૂપ છો, એની શ્રદ્ધા-જ્ઞાન કરીને ઠરતાં મોક્ષ થાય છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662